પત્રિકા
૧૫૪

# ચિરાગે હિદાયત

૧૩/૦૪/૧૮
૨૫ રજબ

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૫ રજબ – શહાદતે હઝરત ઈમામ મુસએ કાઝિમ(અ.સ.)
૨૬ રજબ – વફાતે હઝરત અબુતાલિબ(અ.સ.)
૨૭ રજબ – ઈદે મેઅરાજ અને યવ્મે બેઅસત
૨૮ રજબ – યવ્મે સફરે કરબલા
૧ શાબાન – વિલાદતે જનાબે ઝયનબ(સ.અ.)

## શહાદતે હઝરત ઈમામ મુસએ કાઝિમ(અ.સ.)

આપણા સાતમા ઈમામ હઝરત મૂસા કાઝીમ(અ.સ.) જેમનો લકબ કાઝિમ છે, ઈરાકવાસીઓ આપ(અ.સ.)ને બાબુલ હવાએજ (હાજતો પૂરી થવાનો દરવાજા)થી ઓળખે છે. આપ(અ.સ.)ના રોઝા મુબારકમાં ઘણાં જ મોઅજીઝા થયા છે જેમાં બીમારને શફા મળવાના મોઅજીઝા ઘણા બધા છે. ખરેખર એહલેબૈત(અ.મુ.સ.)નો દર એ અલ્લાહનો દરવાજો છે જ્યાં માંગી મુરાદ પૂરી થાય છે.

આપ(અ.સ.) એ દોરમાં હતા જયારે ઝાલિમ બાદશાહોની ખિલાફત હતી અને તે દરેક આલે રસૂલથી બુગ્ઝ રાખતા હતા એટલે ઈમામ(અ.સ.)ને ઘણી વખત ગિરફતાર કરીને કૈદમાં રાખતા પણ ઈમામ(અ.સ.) કૈદખાનામાં પણ અલ્લાહની ઈબાદત અને તિલાવતે કુરઆન મજીદ કરતા હતા. રોઝતુસ્સફામાં લખેલું છે કે આપ ઘણા મીઠા અને સુંદર અવાજે કુરઆન પઢતા, આયતે રહેમત પર અલ્લાહનો શુક્ર કરતા અને આયતે અઝાબ ઉપર ખૂબ રડતા અને સાંભળનારા પણ રડતા. આમ ઈમામ(અ.સ.)એ આપણને કુરઆનને સમજીને પઢવાની રીત બતાવી છે. આપ(અ.સ.) કુરઆનનું ઈલ્મ અને તફસીર બયાન કરનારમાં શ્રેષ્ઠ હતા જેથી લોકો આપને 'ઝયનુલ મુજતહેદીન' કહેતા.

*  *કુરઆનની આયતોથી લોકોની હિદાયતઃ*

અઝીઝો! ઈમામ(અ.સ.) કુરઆનની આયતોથી લોકોની કેવી રીતે હિદાયત કરતા એનો એક પ્રસંગ જોઈએ.

સવાએકે મોહર્રેકામાં અને સવાહેદુન નબુવ્વહમાં છે કે ઈબ્ને જવઝી શકીકે બલખીથી રિવાયત કરે છે કે શકીકે બલખી હી.સ. ૧૪૯ માં હજ માટે મકકા તરફ રવાના થયો. જયારે તે મંઝીલે કાદસીયા પહોંચ્યો ત્યાં તેણે એક યુવાનને જોયા જે ખૂબસુરત ચહેરાવાળા હતા અને તે લોકોથી દૂર બેઠા હતા. તેને થયું કે આ કોઈ સુફી વેશમાં ઠગારો લાગે છે અને

એવું લાગે છે કે આવતા જતા મુસલમાનને ઠગવા અહીં બેઠો છે. (મઆઝલ્લાહ) શકીકે બલ્ખી તે યુવાનને ઠપકો આવવાના ઈરાદાથી તેની પાસે ગયો. ત્યારે તેણે કહ્યું ''અય શકીક! **બદ્ગુમાનીથી બચતા રહો કારણકે બદગુમાની ગંભીર ગુનાહ છે.**'' (સુરએ હોજોરાત, આ.૧૨) અને આટલુ કહીને તેઓ ચાલ્યા ગયા.

શકીક વિચારે છે કે આ યુવાન મને ઓળખતો નથી મેં તેમને કદી જોયા નથી, છતાં મને નામથી બોલાવીને મારા મનની વાત પણ બતાવી દીધી. મારે તેમની પાસે ભૂલની માફી માંગવી જોઈએ કે મેં તેમના માટે બદ્ગુમાની કરી, તેમની ઉપર ખરાબ શંકા કરી. તેથી તે યુવાનને ગોતવા જાય છે જયારે એક મંઝીલે પહોંચે છે તો ત્યાં તેણે યુવાનને નમાઝ પઢતા જોયા. તેમની નમાઝમાં અજબ કેફીયત હતી જયારે નમાઝ પૂરી થઈ તો તે યુવાન પાસે જાય છે ત્યારે તેમણે કહ્યુ ''અય શકીક ! આ આયતને પઢો. **બેશક હું બક્ષવાવાળો છું તેને કે જેણે તૌબા કરી અને જે ઈમાન લાવ્યા અને નેક કામ કર્યા અને પછી હિદાયત પણ કરી.**'' (સૂરએ તાહા, આ.૮૩) આટલું કહીને તે યુવાન ચાલ્યા ગયા.

પછી જયારે ત્રીજી મંઝીલે પહોંચ્યા ત્યારે ફરી એ યુવાન સાથે શકીકની મુલાકાત થાય છે ત્યારે તેણે જોયું કે તે યુવાન ખુદાની બારગાહમાં હાથ ઉઠાવીને દુઆ કરી રહ્યા છે કે ''**તું મારો ખુદા છે. તુ જ મને તરસ લાગે ત્યારે પાણી પીવરાવો છો અને તુ જ મને ખવરાવો છો જયારે મને ભૂખ લાગે છે.**'' શકીક કહે છે કે ખુદાની કસમ મેં જોયું કે કુવાનું પાણી ઉપર સુધી આવ્યું અને તેમણે વઝુ કરીને નમાઝ પઢી અને પછી એક ડોલમાં રેતી નાખી. પાણી હલાવીને પીવા લાગ્યા. ત્યારે હું તેમની પાસે ગયો અને વિનંતી કરી કે મને પણ આમાંથી આપો ત્યારે તે યુવાને મને ફરમાવ્યું કે ''ખુદાના વાસ્તે તારા વહેમને નેક રાખ'' અને પછી મને પણ તે પાણી પીવા આપ્યું એ પાણી એટલું મજેદાર હતું કે મને એવો સંતોષ થયો કે કેટલા દિવસો સુધી ખોરાક અને પાણીની મને હાજત પણ ન રહી તે યુવાન ત્યાંથી ચાલ્યા ગયા.

જયારે હું મકકા પહોંચ્યો તો મેં તેમને (યુવાનને) ખાનએ કાબામાં ઈબાદતમાં જોયા. તવાફ પછી જયારે તેઓ બહાર નીકળ્યા તો મેં જોયુ કે તેમની ખિદમતમાં ઘણાં નોકરો છે. ત્યારે તેમાંથી એકને મેં પૂછયું કે ''આ યુવાન કોણ છે?'' તો તેમણે કહ્યુ કે ''આ ઝમાનાના ઈમામ હઝરત મુસા કાઝિમ(અ.સ.) છે.'' જયારે આપનું નામ જાણ્યું તો કહ્યું કે આવા મોઅજીઝા તો ખરેખર આ બુઝુર્ગની પાસે જ હોઈ શકે.

અઝીઝો! આ વાકેઓ હી.સ. ૧૪૯નો છે પણ આ જ ઈમામ(અ.સ.)ના એક ફરઝંદ આજે આપણી વચ્ચે મોજૂદ છે, તે આપણા ઝમાનાના ઈમામ છે, તે પણ આપણાથી એજ ચાહે છે કે આપણે બદગુમાની ન કરીએ, શંકાઓ અને વહેમમાં ન રહીએ કોઇ પણ માટે ખરાબ વિચાર ન રાખીએ આ એક મોટો ગુનાહ છે અને પછી ઈમામ તેની હિદાયત કરે છે કે તમે તૌબા કરો બેશક અલ્લાહ બક્ષવાવાળો છે.

* *ઈમામ(અ.સ.)એ કરેલી હિદાયતઃ*

ઈમામ(અ.સ.) આપણી હિદાયત કરે છે કારણ કે તેઓ આપણા દીલો અને દિમાગની કૈફિયતથી જાણનાર છે. ઈમામ(અ.સ.)ને બધી જ વસ્તુની ખબર છે અને એટલે જ ઈમામ મૂસા કાઝીમ(અ.સ.) પોતાના નઝદીકના સહાબી અલી બિન યકતીન કે જેઓ કુફાના ગવર્નર હોય છે. જયારે ઈમામ(અ.સ.)ની મુલાકાત માટે મદીના જાય છે તો ઈમામ(અ.સ.) તેમને મુલાકાત નથી આપતા. જયારે અલી બિન યકતીને ઈમામ(અ.સ.)ને પૂછયું ''મૌલા! મારો શું ગુનાહ થઇ ગયો?'' ત્યારે ઈમામ(અ.સ.) ફરમાવ્યું કે ''અલી બિન યકતીન! મારો એક ચાહવાવાળો (ઈબ્રાહીમે જમ્માલ) જયારે તારી પાસે મળવા આવ્યો તો તે તેને મુલાકાત ન આપી. જયાં સુધી તું તેને રાજી નહી કરીશ હું તારાથી નારાઝ છું અને તારી હજ કબૂલ નહી થાય.'' અલી બિન યકતીન મુંઝાય છે અને કહે છે ''મૌલા! શું કરૂં? કયાં કુફા અને કયાં મદીના? તમે મારી મદદ કરો.'' ઈમામ (અ.સ.)એ તેમને એઅજાઝે ઈમામતથી એક સવારી આપી જેણે તેમને કુફા પહોંચાડયા. અલી બિન યકતીને ઈબ્રાહીમે જમ્માલના ઘરે પહોંચીને પોતાની ભૂલની માફી ચાહી. ઈબ્રાહીમે તેમને માફ કર્યા અને પછી તેજ સવારી તેમને મદીના પાછી પહોંચાડે છે, ઈમામ(અ.સ.)ના ઘરે આવે છે. ઈમામ (અ.સ.) તેમને મળવાની ઈજાઝત આપે છે અને તેમનાથી ખુશ થાય છે.

અઝીઝો! આપણા કયા કાર્યો ઈમામ(અ.સ.)ને ખુશ કરે છે? અને કયા કાર્યો ઈમામ(અ.સ.)ને નારાજ કરે છે? તે જાણવું જરૂરી છે અને તેની તકેદારી રાખવી જોઇએ. જેથી ઈમામ(અ.સ.) સામે શરમીંદા ન થવું પડે અને ઈમામ(અ.સ.) આપણાથી નારાજ ન રહે. **ઈમામ(અ.સ.) ચાહે છે કે મોઅમીનો આપસમાં એકબીજાની મદદ કરે અને ગુનાહોથી બચે.**

* *ઈમામ(અ.સ.)ની હદીસોઃ*

૧) **''ઝઘડાઓ ન કરો કારણ કે તેનાથી તમારો એહતેરામ બાકી નહી રહે.''**
૨) **''મઝાક ન કરો કે કોઈ તમારી મશ્કરી ન કરે.''**

૩) ''જે શખ્સ પોતાના ગુસ્સાને રોકી લે તો અલ્લાહ તઆલા કયામતના દિવસે પોતાના અઝાબને રોકી લેશે.''

૪) ''નાના અને સામાન્ય ગુનાહો ઈબ્લીસ શયતાનની ચાલ છે, તે આ ગુનાહોને તમારી નજરોમાં હકીર બનાવીને પેશ કરે છે પછી જયારે તે ગુનાહો ખૂબ વધી જાય છે તો તે તમને ચારે બાજુથી ઘેરી લે છે.''

૫) ''કોઈની ઉપર શક ન કરો કારણ કે શયતાન શકને દોસ્ત રાખે છે.''

૬) ''ખુદાવંદે આલમ કોઈ ચીઝથી ગઝબનાક નથી થતો સિવાય એ ઝુલ્મ કે જે બચ્ચાઓ અને ઔરતો ઉપર કરવામાં આવે.''

આવી અઝીમ શખ્સીય્યત! ઈમામ મૂસા કાઝીમ(અ.સ.)ને પણ હુકુમતના દરીંદાઓએ ઝેર આપીને શહીદ કર્યા અલ્લાહ તઆલાને બાબુલ હવાએજનો વાસ્તો આપીએ કે આપણા દરેક બીમારોને શફા અતા કરે અને ઈમામ(અ.સ.)ના ઝહુરમાં જલ્દી કરે.

* *આ'માલે શબે મેઅરાજ:*

આ મોટી મુતબર્રીક શબોમાંથી છે કેમ કે આ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના મબઉસની રાત છે અને આ શબમાં અમુક આ'માલ છે.

૧) મિસ્બાહમાં શેખે ઈમામ મોહમ્મદ તકી(અ.સ.)થી નકલ કરેલું છે કે ''માહે રજબમાં એક શબ છે કે જે તે દરેક ચીઝોથી બહેતર છે કે જેની ઉપર સુરજ ચમકે છે અને તે સત્તાવીસમી રજબની શબ છે કે જેની સુબ્હ પયગંબરે ઈસ્લામ મબઉસ થયા. મારા શિયાઓમાંથી આ'માલ કરનારાઓ માટે આ શબમાં સાંઈઠ વર્ષના આ'માલનો સવાબ લખવામાં આવે છે.'' કોઈકે અરજ કરી કે 'આ શબનો અમલ શું છે?'' આપ(અ.સ.)એ ફરમાવ્યું

''નમાઝે ઈશા પઢ્યા પછી અગર સૂઈ ગયો હોય તો અડધી રાત થતા પહેલા ઉઠે અને બાર રકાત નમાઝ (બે-બે રકાત કરીને) પઢે. દરેક રકાતમાં હમ્દ અને નાના સુરામાંથી કોઈ એક સૂરો પઢે. નમાઝની સલામ દીધા પછી સૂરએ હમ્દ, સૂરએ ફલક, સૂરએ નાસ, સૂરએ તૌહીદ, સૂરએ કાફેરૂન અને સૂરએ કદ્ર સાત સાત વખત તેમજ આયતુલ કુરસી પણ સાત વખત પઢે. પછી મુન્તખબ મફાતિહુલ જીનાનમાં પે.૨૯૪ પર રહેલી દુઆ પઢે.

૨) હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ની ઝિયારત પઢવી કે જે આ રાતના તમામ આ'માલથી બેહતરો અફઝલ છે.

૩) મબઉસની રાતે મફાતિહુલ જિનાનમાં પે.૨૯૬ થી ૨૯૯ પર રહેલી દુઆ પણ પઢે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com